# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/171 Dt. 07/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે વાપી પાસેની સેલો વર્લ્ડ લિમિટેડ અને પલસાણા ખાતેની અલ્ટ્રા ડેનિમ લિમિટેડની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા તથા ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા, ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કમિટીના કો–ચેરમેન તેમજ ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ સિકયુરિટી કમિટીના ચેરમેન શ્રી ચેતન શેઠ, એવીએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ સહિતના પ્રતિનિધિ મંડળ દ્વારા શનિવાર, તા. ૪ ઓકટોબર, ૨૦૨૫ના રોજ વાપી પાસે આવેલા સેલો વર્લ્ડ લિમિટેડની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનો હેતુ ચેમ્બરના સભ્યોને આધુનિક મેન્યુફેકચરિંગ પ્રોસેસ, કવોલિટી મેનેજમેન્ટ તથા ઇનોવેટિવ પ્રોડકટ ડેવલપમેન્ટ વિશે પ્રત્યક્ષ અનુભવો કરાવવાનો હતો.

સેલો વર્લ્ડ લિમિટેડ ભારતની અગ્રણી કન્ઝયુમર પ્રોડકટસ કંપનીઓમાંની એક છે, જે ત્રણ મુખ્ય કેટેગરીઝ જેવી કે કન્ઝયુમર હાઉસવેર, રાઇટિંગ ઇન્સ્ટ્રુમેન્ટસ એન્ડ સ્ટેશનરી તથા મોલ્ડેડ ફર્નિચર એન્ડ એલાયડ પ્રોડકટસમાં કાર્યરત છે. કંપનીના લોકપ્રિય ઉત્પાદનોમાં ગ્લાસવેર, ઓપાલવેર, મેલામાઇન અને પોર્સેલિન પ્રોડકટસનો સમાવેશ થાય છે.

ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ દરમ્યાન ચેમ્બર ઓફ કોમર્સના ઉદ્યોગ સાહસિક સભ્યોને કંપનીના વિવિધ મેન્યુફેકચરિંગ યુનિટસની મુલાકાત લેવાની તક મળી હતી. ટેકનિકલ ટીમ દ્વારા પ્રોડકશન પ્રોસેસની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ચેમ્બરના સભ્યો માટે આ એક શૈક્ષણિક તેમજ પ્રેરણાત્મક અનુભવ રહ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે તાજેતરમાં પલસાણા ખાતેના ગુજરાત ઈકો ટેક્ષ્ટાઇલ પાર્કમાં આવેલા અલ્ટ્રા ડેનિમ લિમિટેડની પણ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી. અલ્ટ્રા ડેનિમ લિમિટેડ, સુરતની અગ્રણી ડેનિમ ફેબ્રિક અને ગારમેન્ટ મેન્યુફેકચરિંગ કંપનીઓમાંની એક છે. અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર અને આધુનિક મશીનરીથી સજ્જ આ કંપની દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળી ડેનિમ ફેબ્રિકનું ઉત્પાદન કરવામાં આવે છે.

ચેમ્બરના સભ્યોએ અલ્ટ્રા ડેનિમ કંપનીના ઉત્પાદન યુનિટની મુલાકાત લીધી હતી, જ્યાં કંપનીની ટેકનિકલ ટીમ દ્વારા પ્રોડકશન પ્રક્રિયા, ફેબ્રિક ફિનિશિંગ અને ડિઝાઇનિંગ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.